પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૫ | ૪ જાન્યુઆરી, ૨૦૧૮, ગુરુવાર ; પોષ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મહારાષ્ટ્ર બંધ હિંસક બન્યું

**વિરોધ પ્રદર્શન બાદ બંધ પાછુ ખેંચાયુ : માર્ગો પર સન્નાટો, સ્કુલ, કોલેજો બંધ, જનજીવન પર અસર : અનેક જગ્યાઓ ઉપર બંધ દરમિયાન ટ્રેનો રોકવામાં આવી**



પુણે, તા.૩

પુણેના કોરેગાંવ ભીમા વિસ્તારમાં ભડકી ઉઠેલી જાતિય હિંસાના વિરોધમાં આપવામાં આવેલા મહારાષ્ટ્ર બંધના એલાનને કલાકો સુધી અંધાધૂંધી સર્જ્યા બાદ પરત ખેંચી લેવામાં આવ્યા બાદ તંત્રને રાહત થઈ હતી. સામાજિક કાર્યકર અને બાબા સાહેબ બીઆર આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકરે બંધને પરત લેવાની જાહેરાત કરી હતી. બીજી બાજુ ગૃહ રાજ્યમંત્રી દિપક કેસરકરે કહ્યું હતું કે, દલિત સમાજથી કોઈનું મોત થયું નથી. સોશિયલ મિડિયા ઉપર અફવા ફેલાવવામાં આવી રહી છે. સ્થિતિ સંપૂર્ણ શાંતિપૂર્ણ રહી છે. સોમવારના દિવસે પુણેના કોરેગાંવ ભીમા વિસ્તારમાં મરાઠા અને દલિતો વચ્ચે હિંસક અથડામણનો દોર શરૂ થયો હતો. ભીમા કોરેગાંવ યુદ્ધના શૌર્ય દિવસના આયોજનને લઈને હિંસામાં એકનું મોત થયા બાદ જાતિય હિંસાની આગ મુંબઈ સહિત મહારાષ્ટ્રના ૧૮ જિલ્લાઓમાં ફેલાઈ ગઈ હતી. સ્થિતિને ધ્યાનમાં લઈને થાણેમાં કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી. ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### માઉન્ટ આબુમાં ૧.૪ ડિ.સે. તાપમાન

માઉન્ટ આબુ ખાતે ઠંડીનું કાતિલ મોજુ ફરી વળ્યુ છે. બુધવારની વહેલી સવારે લઘુત્તમ તાપમાન ૧.૪ ડિ.સે. નોંધાયુ હતુ.

### કુમાર વિશ્વાસ કપાયા

આમ આદમી પાર્ટીએ રાજ્યસભાની ચૂંટણી માટે ત્રણ ઉમેદવારોની જાહેરાત બુધવારે કરી હતી. જેમાં પક્ષના વરિષ્ઠ નેતા કુમાર વિશ્વાસ અને આશુતોષની અપેક્ષા હતી પરંતુ પક્ષે સર્વશ્રી સંજયસિંગ, નારાયણદાસ ગુપ્તા અને સુશીલ ભટ્ટાના નામોની જાહેરાતો કરી હતી.

### એમપીમાં પેટ્રોલ-ડીઝલ પર ૫૦ પૈસા વધારાનો સેસ

મધ્યપ્રદેશ મંત્રીમંડળની બેઠકમાં પેટ્રોલ-ડીઝલ પર ૫૦ પૈસા વધારાનો સેસ નાંખવાનો નિર્ણય કરાયો હતો. જેના રાજ્યભરમાં ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા.

### નવા વર્ષે ભારતમાં ૬૯૦૭૦ શિશુનો જન્મ થયો

નવા વર્ષના દિવસે જ વિશ્વભરમાં કુલ ૩૮૬૦૦૦ શિશુનો જન્મ થયો છે અને તેમાં ભારત સૌથી આગળ રહ્યો છે. યુનોના ચિલ્ડ્રન્સ ફંડના અહેવાલમાં જણાવ્યા મુજબ નવા વર્ષના દિવસે જ ભારતમાં ૬૯૦૭૦ શિશુનો જન્મ થયો છે અને વિશ્વના બધા દેશો કરતા ભારત ટોપ પર રહ્યું છે.

### ચીની સૈનિક ભારતીય સીમામાં ૩૦૦ મીટર સુધી ઘૂસી આવ્યા

બેઈજિંગ,તા.૩

ભારત-ચીન વચ્ચે ડોકલામ વિવાદ શાંત થયાને ગણતરીના મહિનાઓ પણ પૂરા થયા નથી ત્યાં ચીનના સૈનિકોએ આ વખતે અરુણાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરી રસ્તો બનાવવાની કોશિશ કરી છે. સ્થાનિક લોકોએ મીડિયાને જાણકારી આપતાં કહ્યું કે ડિસેમ્બરના અંતિમ દિવસોમાં ચીની સૈનિક અંદાજે ૩૦૦ મીટર સુધી ભારતીય સીમામાં ઘૂસી આવ્યા હતા. તેઓ પોતાની સાથે રસ્તો બનાવવાની મશીન લઈને આવ્યા હતા. જો કે ચીની સૈનિકોને ભારતીય સૈનિકોએ અંદર આવતાં અટકાવ્યા હતા. જો કે બન્ને દેશોના સૈનિકો વચ્ચે કોઈ પ્રકારની ઝપાઝપી નથી

## ઘાસચારા કૌભાંડ કેસમાં આજે લાલૂ પ્રસાદને સજા ફરમાવાશે

**એડવોકેટના અવસાનથી સજાની જાહેરાત એક દિવસ માટે ટળી : લાલૂ માટે લઘુત્તમ સજા માટેની રજૂઆત કરાશે : વકીલની પ્રતિક્રિયા**



રાંચી,તા. ૩

બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવ અને અન્યોને ઘાસચારા કૌભાંડ કેસમાં સજા અંગેની જાહેરાત હવે આવતીકાલે કરવામાં આવશે. સજાની જાહેરાત આજે કરવાની હતી પરંતુ એડવોકેટ વિંદેશ્વરી પ્રસાદનું અવસાન થવાના કારણે સજાની જાહેરાત આજ પુરતી ટાળી દેવામાં આવી હતી. લાલૂ યાદવના વકીલે ગઈકાલે કહ્યું હતું કે, તેઓ આ કેસમાં લઘુત્તમ સજા માટે રજૂઆત કરશે. તેમણે કહ્યું હતું કે, લાલૂ ૭૦ વર્ષના થયા છે અને ઘણા રોગથી ગ્રસ્ત છે જેથી તેમને ઓછી સજાની માંગ કરવામાં આવશે. લાલૂ ૨૦૧૩માં ઘાસચારા કૌભાંડના અન્ય કેસમાં અપરાધી પ્રથમ વખત ઠેરવવામાં આવ્યા હતા અને પાંચ વર્ષની સજા કરાઈ હતી. લાલૂ હાલમાં રાંચીમાં બિરસામુંડા સેન્ટ્રલ જેલમાં છે.

## લોકસભામાં મહારાષ્ટ્ર હિંસાનો મામલો ગાજ્યો

**કોંગ્રેસ અને ભાજપના એક બીજા ઉપર પ્રહાર : જાતિના આધાર ઉપર સમાજને વિભાજિત કરવાનો સંઘ ઉપર ખડગેનો આક્ષેપ**

નવીદિલ્હી, તા.૩

મહારાષ્ટ્ર હિંસાનો મામલો આજે લોકસભામાં ચમક્યો હતો. શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે સામસામેનો દોર ચાલ્યો હતો. કોંગ્રેસ તરફથી મલ્લિકાર્જુન ખડગેએ મોરચો સંભાળ્યો હતો. ખડગેએ ભાજપ અને સંઘ ઉપર પ્રહાર કર્યા હતા. સરકાર તરફથી સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે જવાબી હુમલો કર્યો હતો. કોંગ્રેસ ઉપર દેશને વિભાજિત કરવાની રાજનીતિ રમવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. લોકસભામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે પાસેથી જવાબની માંગ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર હિંસાની આગમાં સળગી રહી છે. સરકાર તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

● અનુસંધાન પાન-૭ પર



## ત્રિપલ તલાક બિલ મામલે રાજ્યસભામાં હોબાળો

**રાજ્યસભામાં કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે અડચણો ઉભી કરી : કોંગ્રેસ સહિત અનેક વિરોધ પક્ષો બિલને સિલેક્ટ કમિટિમાં મોકલવાને લઇ જિદ્દી વલણ પર ઉતર્યા : મોદી સરકાર વિપક્ષની માંગ સ્વીકારવા તૈયાર નથી**

નવી દિલ્હી,તા. ૩

ત્રિપલ તલાક બિલને લઈને રાજ્યસભામાં આજે ભારે ધાંધલધમાલ થઈ હતી. લોકસભામાં બિલને પસાર કરવામાં સફળ રહેલી મોદી સરકાર માટે રાજ્યસભામાં કોંગ્રેસ પાર્ટીએ અડચણો ઉભી કરી દીધી છે. કોંગ્રેસ સહિત વિપક્ષ આ બિલને સિલેક્ટ કમિટિમાં મોકલવાની માંગ ઉપર અડી ગયા છે. સરકાર વિપક્ષની આ માંગ ઉપર તૈયાર નથી. ભારે ધાંધલ ધમાલની સ્થિતિ વચ્ચે રાજ્યસભાની કાર્યવાહી આજે દિવસ દરમિયાન મોકૂફ કરી દેવામાં આવી હતી. આજે કેન્દ્રીય કાયદામંત્રી રવિશંકર પ્રસાદે રાજ્યસભામાં ત્રિપલ તલાક બિલ રજૂ કર્યું હતું અને ચર્ચા શરૂ કરી હતી. પ્રસાદે કહ્યું હતું કે, લોકસભામાં આ બિલ પાસ થયા બાદ દેશમાં ત્રિપલ તલાકના મામલા સપાટી ઉપર આવી રહ્યા છે. કોંગ્રેસના સાંસદ આનંદ શર્માએ ધાંધલ ધમાલ વચ્ચે બિલને સિલેક્ટ કમિટિમાં મોકલવા માટે નોટિસ રજૂ કરી હતી. સિલેક્ટ કમિટિના સભ્યોના નામ પણ સુચવ્યા હતા. કોંગ્રેસ ઉપરાંત, સમાજવાદી પાર્ટી, સીપીઆઈ, ડીએમકે, એનસીપી અને અન્ય વિરોધ પક્ષોએ બિલને સિલેક્ટ કમિટિમાં મોકલવાની રજૂઆત કરી હતી.




● અનુસંધાન પાન-૭ પર

### ટોલ ટેક્સમાંથી માફી નહિ : ગડકરી

પૂણે,તા.૩

નાગરિકોને સારી સુવિધા જોઈતી હોય તેમને નેશનલ હાઈવે પર ટેક્સ ચૂકવવો પડશે, તેમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું. તેમણે એ વાત પર સહમતી દર્શાવી હતી કે ટોલ વસૂલવાનું બંધ થવું જોઈએ, પરંતુ સાથે જણાવ્યું કે આ સમયે નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં છૂટ આપવા અંગે તેઓ વચન આપી શકે તેમ નથી. તેમણે જણાવ્યું હતું કે વિશ્વના દરેક દેશમાં ટોલ વસૂલવામાં આવે છે. સારા રસ્તાઓ ઈંધણ અને સમય બચાવે છે, સાથે જ જીવનને સુરક્ષા આપે છે. તમારે સારી સુવિધાઓ જોઈતી હોય તો તેની ભરપાઈ પણ કરવી પડશે. તેમણે જણાવ્યું હતું કે એક સમય હતો જયારે પુણેથી મુંબઈ જવા માટે પ્રવાસીઓને નવ કલાકનો પ્રવાસ કરવો પડતો હતો.

## તિરસ્કારના કેસમાં તેજસ્વી સહિત આરજેડી નેતા ફસાયા

રાંચી,તા. ૩

રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ યાદવ અને અન્ય ૧૪ને સજા કરવાના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી ત્યારે ખાસ સીબીઆઈ કોર્ટે તેજસ્વી યાદવ સહિત આરજેડીના અન્ય કેટલાક નેતાઓ સામે પણ તિરસ્કાર નોટિસ ફટકારી હતી. કોર્ટે રઘુવંશ પ્રસાદ સિંહ, મનોજ ઝા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવને અદાલતના તિરસ્કારના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. સીબીઆઈ કોર્ટે ૨૩મી જાન્યુઆરીના દિવસે તેની સમક્ષ ઉપસ્થિત થવા તેમને સમન્સ જારી કર્યા છે.






## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

**જનજીવન ખોરવાયુ : પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં માઠી અસર :જમ્મુકાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં અનેક વિસ્તારોમાં તાપમાન માઇનસમાં :લેહમાં માઇનસ ૧૪.૫ ડિગ્રી થયું**

નવી દિલ્હી,તા. ૩

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીથી હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે. કાશ્મીરમાં હાલ ૪૦ દિવસમાં ચિલ્લાઈ કાલનનો ગાળો ચાલી રહ્યો છે. આ ગાળા દરમિયન હિમવર્ષાની સંભાવના સૌથી વધારે રહે છે. આજે શ્રીનગરમાં માઈનસ ૪.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. લેહમાં માઈનસ ૧૪.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ધુમ્મસની સ્થિતીના કારણે વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ હતી. દિલ્હી વિમાનીમથકે વિજિબિલિટી ઘટી જવાના કારણે એક સ્થાનિક ફ્લાઈટને રદ કરવાની ફરજ પડી હતી. જ્યારે પાંચ સ્થાનિક અને સાત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં વિલંબ થયો હતો. આવી સ્થિતીમાં મોટી સંખ્યામાં વિમાની યાત્રીઓને ઠંડીમાં વિમાનીમથકે રાહ જોવાની ફરજ પડી હત. સેંકડો ફ્લાઈટોને અસર થઈ છે.. ધુમ્મસની સ્થિતી હાલમાં અકબંધ રહે તેવી શક્યતા છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ ધુમ્મસના પરિણામસ્વરૂપે ૫૨ ટ્રેનો લેટ થઈ છે. અનેક ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. વિજિબિલીટી ધુમ્મસના કારણે ૫૦ મીટર સુધી નીચે પહોંચી ગઈ છે. દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સવારે ધુમ્મસની સ્થિતિ રહી હતી.



### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | તાપમાન |
| --- | --- |
| શ્રીનગર | માઈનસ ૪.૪ |
| લેહ | માઈનસ ૧૪.૫ |
| કાજીગુંજ | માઈનસ ૩.૪ |
| કોકરનાગ | માઈનસ ૨.૪ |
| કુપવારા | માઈનસ ૪ |
| નારનોલ | ૩.૬ |
| સિરસા | ૫.૮ |
| અમૃતસર | ૫ |
| રોહતક | ૭.૧ |
| પઠાણકોટ | ૬.૪ |
| ફરિદકોટ | ૪ |
| આદમપુર | ૨.૮ |
| લુધિયાણા | ૪.૨ |

ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ધુમ્મસના કારણે વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે.

## અમારી પાસે પણ તમારાથી વધુ શક્તિશાળી ન્યૂક્લિયર બટન છે : ટ્રમ્પ

વૉશિંગ્ટન, તા.૩

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગની ધમકીનો તેના જ અંદાજમાં જવાબ આપતું ટ્વીટ કરીને કહ્યું, ‘‘નોર્થ કોરિયાના કિમ જોંગ ઉને કહ્યું કે ન્યુક્લિયર બટન તેમના ડેસ્ક પર જ દરેક સમયે હોય છે. શું તેમને કોઈ જણાવશે કે મારી પાસે પણ ન્યુક્લિયર બનટન છે.’’ ટ્રમ્પે આ નિવેદન એ સમયે ઉત્તર કોરિયાના કિમ જોંગને મંગળવારે કહ્યું હતું કે, ‘‘આખું અમેરિકા અમારા પરમાણું હથિયારની રડારમાં છે અને ન્યુક્લિયર બટન હંમેશા મારા ડેસ્ક પર જ રહે છે. આ ધમકી નહીં હકીકત છે.’’


